ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૭-૦૯-૨૦૨૨

- **મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે 500 કરોડની બજેટમાં જોગવાઈની વાહવાહી માટે 20 કરોડ રૂપિયાથી વધુની જાહેરાત પર ખર્ચ કરનાર ભાજપ સરકારે એકરૂપિયાની સહાય પણ ગૌશાળા અને પાંજરાપોળને આપી નથી**
- **રાજ્યના 18 જિલ્લાના 4 હજાર થી વધુ ગામોમાં લમ્પી વાઈરસની અસર, જે વિસ્તારમાં લમ્પી ગ્રસ્ત ગાયો વધુ છે ત્યાં દૂધ ઉત્પાદન સૌથી વધુ ઘટ્યું.**
- **૭૩૪૭૭ પશુધન પર માત્ર એક પશુચિકિત્સા અધિકારી, ૧૦૫૭૪૯ પશુધન પર માત્ર એક પશુધન નિરીક્ષક, ૩૪૫૭૧૮ પશુધન પર માત્ર એક ડ્રેસર, ૨૫૯૨૮૮ પશુધન પર માત્ર એક એટેંડન્ટ, ૩૪૧૩૪૨ પશુધન પર માત્ર એક પટાવાળામાં કઈ રીતે બચશે ગાયમાતા ? ભાજપ સરકારની ગુન્હાહિત બેદરકારી, લમ્પી વાયરસ મહામારીમાં સામે આવી.**
- **લમ્પી વાયરસ થી 18 જીલ્લા પ્રભાવિત – 35000 થી વધુ ગાયોના મોત ગાયમાતાના ચિકિત્સા-સારવાર આપવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ**

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે 500 કરોડની બજેટમાં જોગવાઈની વાહવાહી માટે 20 કરોડ રૂપિયાથી વધુની જાહેરાત પર ખર્ચ કરનાર ભાજપ સરકારે એકરૂપિયાની સહાય પણ ગૌશાળા અને પાંજરાપોળને આપી નથી ત્યારે ગાયમાતા સાથે વિશ્વાસઘાત કરનાર ભાજપા પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારશ્રી દ્વારા " મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" અંતર્ગત ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે 3 જી માર્ચ ૨૦૨૨ ના રોજ ૫૦૦ કરોડની બજેટમા જોગવાઇ અને મંજુરી આપી છતાં આ સહાય ગૌશાળા અને પાંજરાપોળને ચુકવવામા આવી નથી. "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" અંતર્ગત તા.3.3.2022 ના રોજ 2022-23 નાં વર્ષિક બજેટમાં મંજુર કરવામા આવેલ સહાય ૫૦૦ કરોડ રૂા. - ગોશાળા અને પાંજરાપોળના ગૌધન નિભાવ માટે, ૨૧૩ કરોડ રૂા. ગાય આધારીત પ્રાકૃતિક ખેતી માટે ખેડુતોને ગાયના નિભાવ માટે, ૧૦૦ કરોડ રૂા. રખડતા અને નિરાધાર પશુધનના નિભાવ માટે જાહેર કર્યા છે. આમ રજીસ્ટર ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં જે ગૌવંશ સાચવવામા આવે છે તેમને સહાય પેટે પ્રતિદિન એક ૧ ગૌવંશને રૂા.30 અને ૧ નંદીને ૪૦/- રુપિયા પ્રમાણે પહેલી એપ્રિલ ૨૦૨૨ થી સહાય ચુકવવામાં આવશે એવુ મુખ્યમંત્રીએ જણાવેલ છે, પરંતુ આજ દિવસ સુધી એક ફુટી કોડી આપવામા આવી નથી. ભાજપ સરકાર અને મંત્રીઓ તરફથી સહાયના વાયદા અને જાહેરાતો સતત ચાલુ છે. ત્યારે 33 કરોડ દેવતાનો જેમા વાસ એવા હિન્દુ ધર્મની આસ્થાનુ પ્રતિક ૪.૪૨ લાખ ગૌમાતાઓની આ મશ્કરી છે, ગાયો માટે રૂ. 500 કરોડનું બજેટ છતાં પશુ ડોક્ટરોની 315 પદ ખાલી - ન દવા – ન સુવિધા, રજીસ્ટર ગૌશાળાઓ અને પાંજરાપોળોમા પોતાના જીવન અસ્તિત્વ સામે લડી રહેલી ગૌમાતા માટે નિષ્ઠુર ભાજપા સરકારનુ રુવાડુ પણ ફરકતુ નથી.

રાજ્યના 18 જિલ્લાના 4 હજાર થી વધુ ગામોમાં લમ્પી વાઈરસની અસર, જે વિસ્તારમાં લમ્પી ગ્રસ્ત ગાયો વધુ છે ત્યાં દૂધ ઉત્પાદન સૌથી વધુ ઘટ્યું. ગાયો માટે રૂ. 500 કરોડનું બજેટ છતાં પશુ ડોક્ટરોની 315 પદ ખાલી - ન દવા – ન સુવિધા. કઈ રીતે બચશે ગાયમાતા ? ભાજપ સરકારની ગુન્હાહિત બેદરકારી પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના

મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોરોના કાળમાં ડોક્ટરો - પેરામેડીકલ સ્ટાફને અભાવે મોટા પાયે ગુજરાતના નાગરિકો મોતને ભેટ્યા તેવી જ રીતે લમ્પી વાયરસમાં સારવારના અભાવે ગાયમાતા મુગા પશુઓ મોતને ભેટી રહ્યા છે. ગુજરાતમાં પશુચિકિત્સક, ડ્રેસર સહિત સારવાર માટેની મોટા પાયે જગ્યાઓ ખાલી છે. ૧૦ થી વધુ જીલ્લાઓમાં મુગા-પશુઓની સારવાર માટે એકપણ ડ્રેસર ઉપલબ્ધ નથી. ગુજરાતમાં પશુચિકિત્સકની ૨૯૦ જગ્યાઓ ખાલી છે, પટાવાળા કમ એટેંડન્ટની ૨૯૪ જગ્યા ખાલી છે. પટાવાળાની ૪૦૫ જગ્યાઓ ખાલી છે. ગુજરાતમાં ૯૬,૩૪,૦૦૦ ગાયો સામે સારવાર માટે માત્ર ૩૬૭ ચિકિત્સક અધિકાર એટલે કે ૨૬,૨૫૧ ગાયોની સારવાર માટે એક પશુધન ડોક્ટર છે. ૩૭,૭૮૦ ગાયોના નિરીક્ષણ માટે માત્ર એક પશુ નિરીક્ષક ઉપલબ્ધ છે. સરકારના નિયમ મુજબ 10 ગામદીઠ અથવા 10 હજાર પશુ અને એક નિરીક્ષક હોવા જોઈએ. હકીકત રાજ્યમાં કુલ પશુધન અને ગામોની સંખ્યા પ્રમાણે ગુજરાતમાં છેલ્લા 15 વર્ષથી માત્ર 20-30 ટકા થી કામગીરીના લીધે લમ્પી ગ્રસ્તમાં સમગ્ર તંત્રની પોલ ખુલી ગઈ છે. ગીર સોમનાથ, પોરબંદર, ડાંગ, નર્મદા, બોટાદ, ભાવનગર, છોટા ઉદેપુર, અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર જીલ્લાઓમાં પશુધનની સારવાર-નિરીક્ષણ માટે પુરતા સ્ટાફને અભાવે પશુધનની પરિસ્થિતિ સતત કથળી રહી છે. લમ્પી વાયરસને રોકવા ભાજપ સરકાર પાસે કોઈ નક્કર યોજનાના અભાવે માત્ર કચ્છમાં ૨૦,૦૦૦ થી વધુ ગાયમાતાના મોત થયાની વિગતો સામે આવી છે. "જ્યાં રસી હોય ત્યા સ્ટાફ ન હોય, જ્યાં સ્ટાફ હોય ત્યા રસી ના હોય" આ ભાજપની ગૌમાતા પ્રત્યે નકલી પ્રેમની પોલ ખોલી નાખી છે. ત્યારે ભાજપ સરકાર પશુચિકિત્સક અધિકારી વર્ગ-૨, ડ્રેસર, એટેંડન્ટની, પશુ નિરિક્ષક સહિતની પશુ દવાખાનામાં ખાલી પડેલ જગ્યા તાકીદે ભરે, રાજ્યમાં લમ્પી વાયરસને કારણે મોતને ભેટેલ ગાયમાતા, પશુધનના સાચા આંકડા જાહેર કરવામાં આવે અને લમ્પી વાયરસની સામે મુખ્યમંત્રી ગાયમાતા પશુધનને બચાવવા માટે વિશ્વાસ પડે તેવા વાસ્તવિક પગલા ભરવામાં આવે.

| ક્રમ | મહેકમનું નામ | કુલ સંખ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| 1. | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૬૫૭ | ૨૯૦ |
| 2. | ડ્રેસર વર્ગ-૪ | ૨૩૫ | ૧૫૭ |
| 3. | એટેંડન્ટ | ૩૯૮ | ૨૯૪ |
| 4. | પશુધન નિરીક્ષક | ૫૨૯ | ૨૭૪ |
| 5. | પટાવાળા | ૪૮૪ | ૪૦૫ |

| પશુધન માટેની વાસ્તવિક સ્થિતી |
|---|
| ૭૩૪૭૭ પશુધન પર ૧ પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ |
| ૩૪૫૭૧૮ પશુધન પર ૧ ડ્રેસર વર્ગ-૪ |
| ૨૫૯૨૮૮ પશુધન પર ૧ એટેંડન્ટ |
| ૧૦૫૭૪૯ પશુધન પર ૧ પશુધન નિરીક્ષક |
| ૩૪૧૩૪૨ પશુધન પર ૧ પટાવાળા |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા